# હાદી
માસિક

બાળકો અને
નવયુવાનો માટે

રજબ, હીજરી સન ૧૪૩૨,
જૂન - ૨૦૧૧




રૂા.
30/-

اللطيف

અલ્લાહના નેક નામો

# અલ્લતીફો

અલ્લાહ-તબારક-વ-તઆલાનાં ગુણો- વિશેષણોમાંથી એક ગુણ કે જે નામ તરીકે પણ ગણવામાં આવે છે તે ''અલ્લતીફો'' છે.

**આ નામ-ગુણના નીચે મુજબ અર્થ બયાન કરવામાં આવ્યા છે.**

(૧) ખુબ જ નરમાશ અને દયાળુપણાં સાથે વ્યવહાર કરનાર

(૨) નાના-મોટા (તમામ પ્રકારના) કાર્યોથી વાકેફ

(૩) માનવજાતને ખુબ જ નરમાશ ભરી રીતે માર્ગદર્શન આપનાર અને તેમની સાથે અત્યંત મહેરબાનીભર્યો વર્તાવ કરનાર

**આ ગુણનો કુરઆનમાં ઉલ્લેખ :-** લા તુદરેકોહુલ-અબ્સારો-વ-હોવા-યુદરેકુલ અબ્સાર=વ-હોવલ-લતીફુલ-ખબીર (સૂરએ-અન્આમઃ ૧૦૩)

**અનુવાદ :** લોકો (માણસો) તેને જોઈ નથી શકતા જ્યારે તે પ્રત્યેક વ્યક્તિને (દરેક પળે) જોઈ શકે છે, તે સૂક્ષ્મદર્શી અને ખબરદાર છે.

**માઅસૂમીન અ. સ. ની વાણી :**

હે અલ્લાહ ! તે કોઈને પણ આપ્યું હોય, પોતાના બંદાઓમાંથી કોઈને પણ કાંઈપણ નેઅમત અતા કરી હોય - તે કોઈની ઉપર પણ જે દયા ફરમાવી હોય - તે કોઈના ઉપરની કોઈપણ સખ્તાઈ દૂર કરી હોય - તે કોઈની કોઈ મુસીબત દૂર કરી હોય - તે કોઈની કોઈ નેકી કબુલ કરી હોય - કોઈની કોઈ બુરાઈ માફ કરી હોય, આજની રાત્રીએ મને એનાથી પણ વધુ અને શ્રેષ્ઠ અતા ફરમાવ.

**ખાસીયતો અને ફાયદાઓ :-**

(૧) હઝરત ઈમામ રિઝા અ.સ.નો ઈર્શાદ છે કે દરરોજ ૮૦ વખત ''અલ્લતીફો''ની તિલાવત કરનાર પોતાના ધ્યેયને પ્રાપ્ત કરશે.

(૨) ''અલ્લતીફો''ને પોતાની પાસે રાખવાથી કોઈ બુરાઈ પાસે પણ નહીં આવી શકે.

(૩) ''યા લતીફો'' પઢતાં રહેવાથી રોજીમાં વધારો થાય છે.

(૪) શુક્રવારની રાત્રે (શબે જુમ્આ) કોઈ વ્યક્તિ રોટલીના ૨૦ કોળીયા ઉપર ''યા લતીફો' લખીને ખાઈ લે તો લોકો તેના આજ્ઞાપાલક થઈ જશે.

(૫) દુઆ કબુલ થવા માટે અને ખુદાની મહેરબાની (દયા–કૃપા) મેળવવા માટે દિવસના સમયે ''યા લતીફો–બે–ઈબાદેહી''નું ૨૧૩ વખત વિર્દ કરવું બહેતર છે.''



E-mail : hadimasik@yahoo.com

بسم الله الرحمن الرحيم

ઝેરે સરપરસ્તી હઝરતે હુજ્જત
અરવાહોના ફિદાહ, અજ્જલલ્લાહો તઆલા ફરજહુશ્શરીફ
મર્હુમ જનાબ મૌલાના આબીદ હુસૈન રીઝવી
સાહેબની યાદમાં
ધર્મ પ્રચારક-પ્રખર વિદ્વાન-કૌમના સંનિષ્ઠ સેવક :
આલી જનાબ મુખ્તારઅબ્બાસ વસાયા
મુદ્દઝિલ્લહૂની નિગરાનીમાં
મુખ્ય તંત્રી :
સૈયદ મોહમ્મદ રઝા ગરવી
કાર્યવાહક તંત્રી :
સૈયદ મોહમ્મદ અખ્તર
સહાયકો :
અહમદ રઝા ઝુરારહ
તાલીમરઝા અજમેરી
એહસાનઅલી રીઝવી
અનુવાદક :
સૈયદ મોહમ્મદ ફાઝિલ બુખારી
આઈ.એ.એસ. (નિવૃત્ત)
શુષોભન :
(Skype Graphics) સાજીદ પંજ
9898013082
E-mail : sajidpanj@yahoo.in

## બઈસ્મેહી સુબ્હાનહૂ તઆલા

વહાલા બાળકો ! અસ્સલામો અલયકુમ !

રજબ માસ પોતાની ખુશીઓની સાથે આપણી વચ્ચે આવી ચુક્યો છે.

વહાલા બાળકો ! રજબનો અંક તમારા હાથમાં છે. આ અંકમાં અમે આપના માટે ઘણી બધી વાતો લખી છે, ત્યાં આ મહીનામાં જે-જે માઅસૂમીન અ.સ.ની વિલાદતે-બા-સઆદત થઈ છે તેમના અંગે પણ વર્ણન છે. જેથી કરીને આપણને આપણાં માઅસૂમીન અ.સ.ની ખુશાલીના પ્રસંગોએ ખુશાલી મનાવવામાં-મહેફિલ કરવામાં અને તેમના વિષે જાણકારી મેળવવામાં મદદ મળે.

વ્હાલા બાળકો ! અમે આપ તમામ બાળકોને આ માસની મુબારક તારીખોને અનુલક્ષીને મુબારકબાદ પેશ કરીએ છીએ. આપ પણ પોતાના સાથીઓ- મિત્રો- ઘરના લોકો - ગલી મહોલ્લા અને શહેરના ઓળખીતાઓને મુબારકબાદ આપજો - અને આપણાં અઈમ્માની વિલાદત મનાવવામાં અને મિઠાઈઓ વહેંચવામાં બધાની સાથે સામેલ રહેજો.

આ માસની ઘણી બધી ફઝીલતો બયાન થઈ છે. આ મહીનો અહલેબૈત અ.સ.નો મહીનો કહેવાય છે. આ મહીનાના ખાસ આઅમાલ અને દુઆઓ પણ બયાન કરવામાં આવી છે. ખાસ કરી ૧૩-૧૪ અને ૧૫મી તારીખોના આઅમાલનું ખાસ ધ્યાન રાખજો.

આ મહીનામાં રોજા રાખવા અને ઈફતાર કરાવવાના ઘણાં સવાબનું બયાન પણ કરવામાં આવ્યું છે તેથી તે બાબત પણ ભૂલતા નહીં.... કેટલાંક રોજાઓ તો જરૂર રાખજો - અને પોતાના ઘરવાળાઓ અને મિત્રોને પણ રોજા રાખવા અને ખાસ આઅમાલ અને દુઆઓ કરવા માટે તાકીદ કરજો - અને હા, પોતાના હાદી માસિક માટે પણ દુઆઓ જરૂર કરજો.

અને હા, નિશાળનું વેકેશન પણ ચાલુ છે તેથી પૂરેપૂરો સમય ખેલકૂદમાં બરબાદ કરી ના દેજો. ગરમીની ઋતુ છે. પોતાના સ્વાસ્થ્યનું ધ્યાન રાખજો - ગરમીથી લૂ લાગવાથી બચીને રહેજો અને વધારેથી વધારે સમય કાઢી દીનની વાતો જાણવા-વાંચવા અને શીખવા ઉપર પુરતું ધ્યાન આપજો.

વસ્સલામ

વિગતો માટે સંપર્ક :
યુરોપ, અમેરીકા અને કેનેડા માટે :
અલ્હાજ મુખ્તાર અબ્બાસ સાહબ વસાયા
Mukhtar Abbas Vasaya
91, Longthrnton Road, LONDON, SW 16 5QF
Tel. : 0044 - 2082866198 Mo.: 00447828958746
E-mail : movasaya@hotmail.com

વાર્ષિક લવાજમ રૂા. ૩૦૦/-

ભારત, પાકીસ્તાન, આફ્રીકા, રિયુનીયન માટે :
હૌઝએ ઈલમીયહ ઈમામ ખુમૈની (રહ.)
ગોલ્ડન પાર્ક, વટવા, અમદાવાદ. ગુજરાત. ભારત - ૩૮૨૪૪૦
ફોન : ૦૭૯-૨૫૮૯૨૭૮૬, ૯૪૨૬૬૭૮૬૧૪, ૯૪૨૬૬૭૮૬૧૨, ૯૭૨૪૭૩૭૮૬૫
E-mail : hadimasik@yahoo.com
Website : www.hadikids.org



# બહેનોનો ખુણો

## બહેનો પણ વિધા પ્રાપ્ત કરે

પયગમ્બરે અકરમ સ.અ.વ. ના નબી બનીને આવવાનો ધ્યેય જયાં લોકોને પવિત્ર કરવાનો છે ત્યાં આપનો એક મહત્વનો ધ્યેય લોકોને શિક્ષણ અને પ્રશિક્ષણ કરવાનો પણ છે અને જેવી રીતે નબી સ.અ.વ.એ પુરૂષો અને યુવાનોના શિક્ષણ અને પ્રશિક્ષણને મહત્વ આપ્યું છે તેવી જ રીતે આપ સ.અ.વ. એ સ્ત્રીઓ અને યુવતીઓ (બેનો)ના શિક્ષણ અને પ્રશિક્ષણને પણ એટલું જ મહત્વ આપ્યું છે. દા.ત. આપનું ફરમાન છે કે “જો કોઈ વ્યક્તિને દીકરી હોય અને તે તેને (ઈસ્લામી) પ્રશિક્ષણ અને આદાબ શીખવાડે - પ્રશિક્ષણ કરતો રહે - તેને વિધા (ઈલ્મ) શીખવાડતો રહે અને આ રીતે વિધા અને બુધ્ધીચાતુર્યથી સુસજ્જિત કરતો રહે અને ખુદાની જે નેઅમતો તેને મળી છે તેમાંથી તે પોતાની દિકરીને પણ લાભ આપતો રહે, આખેરતમાં ખુદાવન્દે આલમ દિકરીને મા-બાપ માટે જહન્નમની અગ્નિથી બચવા માટે ઢાલ બનાવી દેશે અને તેમને અલ્લાહના અઝાબથી રક્ષણ મળી જશે.”





E-mail : hadimasik@yahoo.com

સ્ત્રીના જીવનમાં વિદ્યાની જરૂરિયાત એટલી બધી છે કે જ્યારે ખુદાવન્દે આલમે આપણાં બધાનાં માતા-પિતા હઝરત આદમ અને હવ્વાને પેદા કર્યા અને જનાબ આદમે જનાબ હવ્વા સાથે લગ્ન કરવાનો ઈરાદો કર્યો ત્યારે ખુદાવન્દે આલમે શાદી માટે જનાબ આદમ અ.સ. સમક્ષ એ શરત મુકી હતી કે પહેલાં જનાબ આદમ અ.સ. હવ્વાને દીનનું જ્ઞાન આપે અને આ વિષે નબીએ અકરમ સ.અ.વ.ની પ્રખ્યાત હદીસ પણ છે કે વિદ્યા અને જ્ઞાન પ્રાપ્ત કરવું તે દરેક મુસલમાન પુરૂષ અને સ્ત્રી માટે વાજિબ (ફરજ) છે.

જ્ઞાન અને વિદ્યાની પ્રાપ્તિ બાબતે એક અન્ય હદીસમાં કહેવામાં આવ્યું છે કે જે કોઈ (ચાહે તે પુરૂષ હોય કે સ્ત્રી)વિદ્યા અને જ્ઞાન પ્રાપ્ત કરવામાં પ્રયત્નશીલ રહે છે, જન્નત તેને શોધતી રહે છે.



# ઈસ્લામના આલિમો

## (ઈસ્લામના વિદ્વાનો)

# આયતુલ્લાહ દસ્તગૈબ



શહીદ આયતુલ્લાહ દસ્તગૈબ એક પવિત્ર કુટુંબના પવિત્ર હૃદયી વ્યક્તિ હતાં. ૮૦૦ વર્ષથી જે કુટુંબમાં વિદ્વતા રહેલી હતી તેવા વિદ્વાનોના કુટુંબમાં આપનો જન્મ થયો હતો. કુટુંબના ધાર્મિક વાતાવરણ અને “ઈસ્લામ“ તથા “આધ્યાત્મિકતા” પ્રત્યે નૈસર્ગિક લાગણી હોવાને કારણે પ્રારંભિક શિક્ષણ પોતાના વતનમાં જ મેળવીને આપે નજફે અશરફ તરફ પ્રયાણ કર્યું હતું.

ત્યાં આપે મૌલાએ - મુવહહેદીન હઝરત અમીરૂલ મોઅમેનીન, હઝરત અલી ઈબ્ને અબી તાલિબ અ.સ.ના રોઝાના સામિપ્યમાં મહાન વિદ્વાન ગુરૂઓ અને આયાતે ઉઝ્ઝામ પાસેથી શિક્ષણ મેળવ્યું હતું. તે પછી તે સમયના મહાન “મરાજએ કિરામ“ પાસેથી “ઈઝાએ ઈજતિહાદ” મેળવીને આપ શીરાઝ પરત આવ્યા હતા. શીરાઝમાં આપે જામેઅ મસ્જિદે અતીક કે જે ખુબજ જીર્ણ સ્થિતિમાં હતી તેનું લાખો રૂપિયા ખર્ચીને પુનઃ નિર્માણ કરાવ્યું. પછી ત્યાં તફસીર અને અખલાકનું શિક્ષણ આપવાની શરૂઆત કરી અને આપના સતત પ્રયત્નોને કારણે શીરાઝના આ હવઝએ ઈલ્મિયાહ એ ફિકહ - ઉસૂલ અને અખલાકિયતના શિક્ષણમાં અનન્ય સ્થાન પ્રાપ્ત કર્યું.





અત્યાચારી સમ્રાટના અધર્મી શાસન સામેની સતત લડાઈને કારણે ઘણાં પ્રસંગોએ આપની ધરપકડ પણ કરવામાં આવી હતી. અને આપને પોતાના ઘરમાં નજરકેદ પણ રાખવામાં આવ્યા હતાં. ઈરાનની ઈસ્લામી ક્રાંતિ પછી આપ ''મજલિસે ખૈરગાન'' ના સભ્ય તરીકે ચુંટાયા હતા અને શીરાઝવાસીઓની વિનંતીથી આપને ઈમામ ખુમૈનીના પ્રતિનિધી અને ''ઈમામે જુમ્આ શીરાઝ''ના હોદ્દાઓથી પણ નવાજવામાં આવ્યા હતાં.

શહીદ દસ્તગૈબએ અનેક પુસ્તકો લખ્યાં છે. જેમાં ''શરહે હાશિયાએ કફાયા'' રસાઈલ-વ-મકાસબ-ગુનાહાને કબીરા - કલ્બે સલીમ-સલવાતુલ ખાશેઈન - મિઆદ - તૌબા - ઝિન્દગાનીયે હઝરત - ઝહરા - વ ઝયનબે કુબરા - ઈસ્તિઆઝા ઔર હજાર સવાલ ઉપરાંત ડઝનબંધ અખલાકી, ફિકહી અને તફસીરના વિષયો ઉપરના પુસ્તકોનો સમાવેશ થાય છે.



૨૦ માહે બાઝર ૧૩૪૦ હિજરી શમશીના દિવસે જ્યારે આપ જુમ્આના દિવસે એક પ્રચંડ માનવ મેદનીમાં જુમ્આની નમાઝ પઢાવવા મસ્જિદ તરફ જઈ રહ્યાં હતાં ત્યારે મુનાફિકોના હાથે બોંબ ધમાકામાં આપ શહીદ થઈ ગયા હતાં.

# રજબુલ મુરજજબ માસની તારીખવાર ઘટનાઓ



**૧-રજબ :** આજના દિવસે હઝરત ઈમામ મુહમ્મદ બાકિર (અ.સ.)ની વિલાદત થઈ હતી. આપની વિલાદત શુક્રવારના દિવસે સન ૫૭ હિજરીમાં થઈ હતી.



**૩-રજબ :** મશહૂર છે તે પ્રમાણે આજના દિવસે સન ૨૫૪ હિજરીમાં ૪૧ વરસની વયે ઈમામ નકી (અ.સ.)ને મોઅત્તઝ બિલ્લાહએ ઝેરથી શહીદ કરાવી દીધાં હતાં.



**૫-રજબ :** (૧) આજના દિવસે સન ૨૧૪ હિજરીમાં ઈમામ અલી નકી (અ.સ.)ની વિલાદત થઈ હતી.



(૨) આજના દિવસે જનાબ અલી અસગર (અ.સ.)ની સન ૬૦ હીજરીમાં વિલાદત થઈ હતી. (તારીખે સામરાઅ - પા.૩૦૨) આપને બાબુલ હવાઈજ-રઝીઅ-મઝબૂહુમિન ઉઝને ઈલલ ઉઝનના ઈલ્કાબોથી યાદ કરવામાં આવે છે. આપનું અસલી નામ અબ્દુલ્લાહ છે અને આપના માતા રૂબાબ (અલયહસ્સલામ) હતાં.



E-mail : hadimasik@yahoo.com

**૧૦-રજબ :** આજના દિવસે આપણા નવમા ઈમામ મોહંમદ તકી (અ.સ.)ની વિલાદત થઈ હતી.







**૧૩-રજબ :** આજના દિવસે આપણા પહેલા ઈમામ અલી (અ.સ.)ની પુણ્યશાળી વિલાદત થઈ હતી.




**૧૫-રજબ :** (૧) આજના દિવસે હઝરત ઝયનબ (સલા.)ની વફાત થઈ હતી. આપ (સલા.)ની વફાત રવિવારના દિવસે સને ૬૨ હિજરીમાં થઈ હતી. આપનું નામ અલ્લાહની આજ્ઞા પ્રમાણે રસૂલે અકરમ (સ.અ.વ.)એ પોતે રાખ્યું હતું. અને આપે પોતાના જીવનમાં ઘણાં દુ:ખ વેઠ્યાં છે.

(૨) આજના દિવસે સન ૨ હિજરીમાં પહેલાં કિબ્લા 'બયતુલ મુકદ્દસ'ની દિશામાંથી દિશા બદલીને મુસલમાનોને "ખાનએ-કાઅબા"ની દિશામાં મોઢું કરીને નમાઝ પઢવાનો હુકમ આવ્યો હતો.



**૨૪-રજબ :** (૧) આજના દિવસે સન ૭ હિજરીમાં હઝરત અલીએ 'ખયબર' નામનો કિલ્લો સર કર્યો હતો.

(૨) આજના દિવસે જ હઝરત અલીના ભાઈ જનાબ જાઅફર તૈયાર હબશાથી પાછા ફર્યા હતાં.



**૨૫-૨જબ :** આજના દિવસે જનાબ મુસા કાઝિમ (અ.સ.)ની શોકમય શહાદત થઈ હતી. સને ૧૮૩ હિજરીમાં આપની શહાદત ઝેરથી થઈ હતી. આપને 'હારૂન રશીદ' નામના એક ખુબ જ અત્યાચારી ખલીફાએ શહીદ કર્યા હતાં.






**૨૬-૨જબ :** રસૂલે અકરમ (સ.અ.વ.)ની મક્કાથી મદીના તરફની હિજરતના ત્રણ વરસ પહેલાં સને ૧૦ બઅસતમાં આજના દિવસે જનાબ અબૂ તાલિબ (અ.સ.)ની વફાત થઈ હતી. આપનું અસલી નામ ઈમરાન હતું. આપે પયગમ્બરે ઈસ્લામ (સ.અ.વ.)ની હંમેશા દરેક પ્રસંગે રક્ષા કરી હતી અને મદદ કરી હતી.

**૨૭-૨જબ :** આજના દિવસે આપણાં નબીયે અકરમ (સ.અ.વ.)ની નબુવ્વત અને રિસાલતનો પ્રારંભ થયો હતો. આજનો દિવસ 'બઅસતનો દિવસ' કહેવાય છે. અને આજની તારીખની રાત્રીએ આપણાં નબીએ અકરમ (સ.અ.વ.)ને 'મેઅરાજ' પણ થઈ હતી.






**૨૮-૨જબ :** આજના દિવસથી કરબલાના શોકમય પ્રસંગનો પ્રારંભ થયો હતો કારણ કે સન ૬૦ હિજરીમાં આજના દિવસે જ ઈમામ હુસૈન (અ.સ.)ને મદીના છોડવું પડ્યું હતું.



E-mail : hadimasik@yahoo.com

# હસો અને હસાવો

ડોક્ટર : આ દવા બે ચમચી સવારે, બે ચમચી બપોરે, બે ચમચી સાંજે, એમ ત્રણ દિવસ સુધી લેવાની છે.

દર્દી : ડોક્ટર સાહેબ, આ દવા તમે જ રાખો, મારી પાસે એટલી બધી ચમચી નથી.

ટીચર : બબલુ, બોલ તો હાથીની ઓળખ શું છે ?

બબલુ : ટીચર, હાથીને બે મોટા કાન હોય છે, તેને બે પૂંછડી હોય છે, એક આગળ અને એક પાછળ.

શિક્ષક : ચીન્ટુ, માલીકે આપણને આંખ શેના માટે આપી છે ?

ચીન્ટુ : સાહેબ, જોવા માટે.

શિક્ષક : અને કાન શેના માટે આપ્યાં છે ?

ચીન્ટુ : પકડવા માટે.

પપ્પા : બેટા મુન્નુ, પરીક્ષા નજીક છે. તારે હવે રાત્રે જાગીને તૈયારી કરવી જોઈએ.

મુન્નુ : પણ પપ્પા, તમે જ તો કહો છો કે રાત્રે તો એકમાત્ર ઘુવડ જાગે.



## એકમાત્ર–એકલાં જ–પ્રથમ



# અલી અ.સ.

**હે અલી અ.સ. :** આપ જ એ પ્રથમ અને એકમાત્ર વ્યક્તિ છો જે ખાનએ કાઅબામાં જન્મ્યાં. આપનાથી પહેલા અને આપનાથી પછી પણ કોઈને આ સન્માન (શરફ) મળ્યું નથી.

**હે અલી અ.સ. :** રસૂલે ખુદા સ.અ.વ.ના સાથીઓ (અસહાબ) માં એક માત્ર આપ જ છો જેનું નામ ખુદાએ (પોતે) ચુંટીને રાખ્યું હોય.

**હે અલી અ.સ. :** આપ જ એ પ્રથમ વ્યક્તિ છો જે રસૂલે અકરમ સ.અ.વ. ઉપર સૌ પ્રથમ ઈમાન લાવ્યા.

**હે અલી અ.સ. :** આપ જ એ પ્રથમ વ્યક્તિ છો જેણે નબી સ.અ.વ. સાથે નમાઝ કાયમ કરી.

**હે અલી અ.સ. :** આપ જ એ એકમાત્ર વ્યક્તિ છો જેના સૃષ્ટીની સર્વશ્રેષ્ઠ સન્નારી સાથે લગ્ન થયા હતા.

**હે અલી અ.સ. :** આપ જ એ એક માત્ર વ્યક્તિ છો જેને ઈમામ હસન અ.સ. અને ઈમામ હુસૈન અ.સ. જેવા બે માઅસૂમ સુપુત્ર મળ્યા.

**હે અલી અ.સ. :** આપ જ એ એક માત્ર વ્યક્તિ છો જેમના સુપુત્રોને ખુદાએ પોતાની કિતાબ કુરઆનમાં રસૂલ સ.અ.વ.ના સુપુત્રો કહ્યા છે.

**હે અલી અ.સ. :** આપ જ એ એકમાત્ર વ્યક્તિ છો જેને રસૂલે અકરમ સ.અ.વ. એ પોતાનો ભાઈ કહ્યો છે.



E-mail : hadimasik@yahoo.com



**હે અલી અ.સ. :** આપ જ એ પ્રથમ વ્યક્તિ છો જેને રસૂલના 'વસી' અને જાનશીન (ઉત્તરાધિકારી) થવાનું સન્માન મળ્યું છે.

**હે અલી અ.સ. :** આપ જ એ એકમાત્ર વ્યક્તિ છો જેણે નબી સ.અ.વ.ના ખભા ઉપર ઉભા થઈને ખાનએ કાઅબામાંથી મુર્તિઓનો સફાયો બોલાવી દીધો હતો.

**હે અલી અ.સ. :** આપ જ એક માત્ર વ્યક્તિ છો જે રસૂલ સ.અ.વ. ના જીવનકાળમાં ક્યારેય યુધ્ધભૂમિમાં પલાયન થયેલા નથી અને ક્યારેય યુધ્ધમાં સફળતા મેળવ્યા વગર પરત ફર્યા નથી.

**હે અલી અ.સ. :** આપ જ એ પ્રથમ વ્યક્તિ છો જે પયગમ્બર સ.અ.વ.ની નિરગાનીમાં કુરઆનનું સંપૂર્ણ સંપાદન કરી લેતા હતા.

**હે અલી અ.સ. :** આપ જ એ એક માત્ર વ્યક્તિ છો કે રસૂલ સ.અ.વ.ના ૧,૨૦,૦૦૦ સાથીઓએ ગદીરના મેદાનમાં આપના હાથે બયઅત કરી હતી અને આપને ખિલાફત અને વિલાયતની મુબારકબાદ આપી હતી.

**હે અલી અ.સ. :** આપ જ એ પહેલી વ્યક્તિ છો જેણે પોતાના કાતિલને સારૂં ભોજન, પાણી અને પથારી આપવાની ભલામણ કરી હતી.

**હે અલી અ.સ. :** આપ જ એ પહેલી વ્યક્તિ છો કે જેમણે જનાઝએ રસૂલ સ.અ.વ. ઉપર સૌથી પ્રથમ નમાઝે જનાઝા પઢી હોય.

**હે અલી અ.સ. :** આ રીતે આપ જ એકમાત્ર વ્યક્તિ છો જેને ઘણી બાબતોમાં પ્રથમ અને એકમાત્ર હોવાની અસંખ્ય વિશિષ્ટતાઓ મળેલ છે.

# સદ્‌ચરિત્ર

ખુદા વન્દે આલમે પોતાના નબીયે કરીમની આ રીતે પ્રશંસા કરી છે ‘‘ઈન્નકા-લ-અલા ખુલ્કિલ-અઝીમ’’ અર્થાત : અમે તમને સર્વશ્રેષ્ઠ સદ્‌ચારિત્રથી સુસજ્જિત કર્યા છે.

આપ સ.અ.વ. થી રિવાયત છે કે આપ સ.અ.વ. એ ફરમાવ્યું ‘‘શું હું તમને જણાવું કે તમારામાંથી કોણ મારી સાથે કાંઈ અંશે મળતો આવે છે’’ લોકોએ કહ્યું : હા - ફરમાવો. આપ સ.અ.વ. એ ફરમાવ્યું ‘‘તમો પૈકી જેનું ચારિત્ર સર્વશ્રેષ્ઠ-મધ્યમમાર્ગી અને દયા-કૃપાથી ભરપૂર હોય- જે પોતાના સ્વધર્મી ભાઈઓ સાથે અત્યંત પ્રેમ કરતો હોય, સત્ય વાત ઉપર તે સંપૂર્ણપણે ધીરજ રાખતો હોય (સબ્ર કરતો હોય), જે પોતાના ક્રોધ ઉપર સંપૂર્ણ કાબુ ધરાવતો હોય, જે અન્યોની ભૂલોને ક્ષમા આપનાર હોય, દુઃખ અને પ્રસન્નતા (ખુશી) બંને સંજોગોમાં જે પોતાના અંતર આત્મા સાથે ન્યાય તોળવામાં સફાઈ કરતો હોય. આપ સ.અ.વ. ને પુછવામાં આવ્યું કે ઈમાનની કસોટી ઉપર કયા મોઅમિનો શ્રેષ્ઠ (અફઝલ) છે ? આપ સ.અ.વ.એ જવાબ આપ્યો કે જેનું વર્તન અને ચારિત્ર સર્વશ્રેષ્ઠ હોય.

આપ સ.અ.વ. થી જ રિવાયત છે કે મોટા ભાગે એ લોકો જ જન્નતમાં પ્રવેશ મેળવશે જે ખુદાની બીક પોતાના મનમાં ધરાવતા હશે અને જેમનું વર્તન અને ચારિત્ર સારા હશે.

## સહનશીલતા :

રસૂલે ખુદા સ.અ.વ. થી રિવાયત છે કે ‘‘ખુદા કદી અજ્ઞાનતાને ઈજ્જત નહીં આપે અને સહનશીલતાને કદી બેઆબરૂ નહીં કરે.’’

ઈમામ રિઝા અ.સ. થી રિવાયત છે કે ‘‘કોઈપણ વ્યક્તિ જ્યાં સુધી સહનશીલ ન થઈ જાય ત્યાં સુધી તે ધર્મ પરાયણ (આબિદ) બની શકે નહીં.’’



# ન્યાયાધીશ (કાઝી)નો મહેમાન

એક વ્યક્તિ એક સામાન્ય મહેમાનની જેમ હઝરત અલી અ.સ. ને ત્યાં આવ્યો અને કેટલાંય દિવસો સુધી આપ અ.સ. નો મહેમાન રહ્યો. પરંતુ તે કોઈ મહેમાનગતિ માણવાની ટેવવાળો મહેમાન નહોતો. તેના મનમાં એક વાત હતી જે તે આપ અ.સ. ને શરૂઆતમાં કહી શક્યો નહોતો. વાત એમ હતી કે આ વ્યક્તિને બીજા એક વ્યક્તિ સાથે મતભેદ-ઝઘડો હતો. અને તે એ બાબતની પ્રતિક્ષા કરતો હતો કે તે બીજો વ્યક્તિ આવી જાય તો તે પોતાના ઝઘડાને હઝરત અલી અ.સ. સમક્ષ રજુ કરી દે. છેવટે એક દિવસે તેણે પોતે જ આ વાત હઝરત અલી. અ.સ. સમક્ષ રજુ કરી અને તેમના ઝઘડામાં ન્યાય તોળી આપવા વિનંતી કરી.

ત્યારે ઈમામ અ.સ. એ ફરમાવ્યું કે "તુ આ ઝઘડાનો એક દાવેદાર-પક્ષકાર છે ?" તેણે કહ્યું : હા ! અમીરૂલ મોઅમેનીન અ.સ. ! ઈમામ અ.સ. એ ફરમાવ્યું : હું ખુબ જ ક્ષમા યાચના સાથે જણાવું છું કે હું આજથી તમારૂં આતિથ્ય - સત્કાર કરી શકીશ નહીં કેમકે રસુલે ખુદા સ.અ.વ. એ ફરમાવ્યું છે કે :

"જ્યારે પણ કોઈ ન્યાયાધીશ (કાઝી) પાસે કોઈ કેસ રજુ થાય ત્યારે ન્યાયાધીશને અધિકાર નથી પહોંચતો કે તે ફક્ત એક પક્ષકારનું આતિથ્ય-સત્કાર કરે. આતિથ્ય-સત્કાર ફક્ત ત્યારે કરી શકાય જ્યારે બંને પક્ષકારો આતિથ્ય-સત્કાર સ્વીકારવા ઉપસ્થિત હોય."

આ પ્રંસગ ઉપરથી કાઝીએ કેટલી હદ સુધી સાવચેતી રાખવી જોઈએ તે બાબતનો બોધ મળે છે અને આ પ્રસંગ ઉપરથી સ્પષ્ટ થાય છે કે કાઝીએ ન્યાયાધીશના આસને બીરાજીને ન્યાય તોળવાનો નથી પરંતુ કાઝીએ એ બાબતની પણ કાળજી રાખવી જરૂરી છે કે ઘરમાં પણ ન્યાયને દૃષ્ટિ સમક્ષ રાખે.







# સચ્ચાઈનું ઈનામ

અત્યંત ભયંકર અને ધ્રુજાવી દેનાર વા-વંટોળના તોફાન સાથે સખ્ત વરસાદે "પક્ષીનગર" ના બધા પક્ષીઓને ભયભીત કરી દીધાં હતાં. બધાં પક્ષીઓએ પોતપોતાના માળામાં આશ્રય મેળવી લીધો હતો. પરંતુ વડના ઝાડ ઉપર બેસેલી ડમ્પી અને રમ્પી નામની ચકલીઓ પોતાના તુટી ગયેલા માળાને દુઃખ અને નિરાશા ભરેલી દ્રષ્ટિએ જોઈ રહી હતી. આ બે નાની ચકલીઓએ બે દિવસ પહેલાં જ પોતાનો માળો ખુબજ મહેનત કરીને બનાવ્યો હતો. તે ઝાડ ઉપરજ ચલ્લુ કાગડાનો પણ સુંદર મજાનો માળો હતો, જે છેતરપિંડીમાં પ્રખ્યાત હતો.

રમ્પી ચકલીએ પોતાની મોટી બહેન ડમ્પી ચકલીને કહ્યું : "ચાલો, આ કાગડાના માળામાં આજની રાત્રે રક્ષણ મેળવી લઈએ. કદાચ તેને આપણાં ઉપર દયા આવી જાય."

ડમ્પીએ નિરાશ થઈને કહ્યું "ના બેન ના ! એ તો ઘણો અત્યાચારી છે. તને યાદ નથી ! થોડા સમય પહેલાં જ આપણે તેની પાસેથી સહાય માંગી હતી તો એણે આપણાં ઉપર ચોરીની આળ મૂકી દીધી હતી."



બંને બહેનો પાંદડાઓ વચ્ચે સંતાઈને બેઠી હતી અને વાતાવરણ સુધરે

તેની દુઆ માંગતી હતી. એકાએક રમ્પીએ મોટેથી કહ્યું "તે શું છે ? ત્યાં કઈ વસ્તુ ચમકે છે ?" વાતાવરણ પહેલાંથી ઘણું સારૂં થઈ ગયું તો ડમ્પી ચકલીએ કહ્યું : "ચાલો ! ત્યાં જઈને જોઈએ કે શું ચમકી રહ્યું છે." બંને બેનો પોતાની જગ્યાએથી ઉડીને તે જગ્યાએ પહોંચી ગઈ. "અરે આટલો બધો ખજાનો ! હે અલ્લાહ, તારો પાડ !" ડમ્પી ચકલીએ ખુશ ખુશાલ થઈને કહ્યું અને બંને ચકલીઓ તે ખજાનો ઉપાડીને વડના ઝાડ નીચે આવી ગઈ અને ભવિષ્યની સુંદર યોજનાઓ બનાવવા લાગી "આપણે આ ખજાનો પોપટભાઈને વેચીને સારા સારા લાકડાં ખરીદીશું અને આપણે મજબૂત ઘર બનાવીશું અને કેટલોક ખજાનો ગરીબ પક્ષીઓમાં પણ વહેંચી દઈશું. "રમ્પી ચકલી ભાવવિભોર થઈને કહી રહી હતી પરંતુ બંને બેનો આ વાત જાણતી નહોતી કે ચલ્લુ કાગડાના માળાની બારી ક્યારે ઉઘડી અને ક્યારે બંધ થઈ ગઈ.

"આ બે કોડીની ચકલીઓ પાસે આટલો મોટો ખજાનો આવ્યો ક્યાંથી ? કોઈ પક્ષીના ઘરમાંથી જ ઉપાડી લાવી હશે. ભલે ! જ્યાંથી પણ તેમણે મેળવ્યું હોય, હું આ ખજાનો મેળવીને રહીશ" ચલ્લુ કાગડો દ્રઢ નિશ્ચય સાથે મનોમન વાત કરી રહ્યો હતો. બંને ચકલીઓ ખજાનો લઈને ઉડી ગઈ હતી. જ્યારે ચલ્લુ કાગડો પોતાની નાપાક મુરાદ પુરી કરવા ષડયંત્ર રચી રહ્યો હતો.

(વધુ આવતા અંકે)



# સદ્‌ભાગ્ય

(ગયા અંકથી આગળ)

પરંતુ કારૂને હઝરત મૂસા અ.સ.ની દલીલ પ્રત્યે ધ્યાન આપ્યું નહીં અને કહ્યું : હે મૂસા (અ.સ.) આ તે કેવી વાત તમે કહી રહ્યાં છો ? ઝકાત શું છે ? મેં તો ઘણો મોટો ઉપકાર કર્યો છે કે તમારા ઉપર ઈમાન લઈ આવ્યો છું, અમે એવો તો શો ગુનો કર્યો છે કે નમાઝ પઢીએ છીએ અને હવે તો તમને લાગો (કર) પણ આપીએ. હઝરત મૂસા અ.સ.એ કારૂનના કટુવચનોને સહન કરી લીધાં અને નરમાશથી કહ્યું, હે કારૂન ! આ ઝકાત હું મારા માટે તો લેતો નથી. પરંતુ સામાજિક સેવાઓ અને ગરીબોની સહાયતા માટે લઉં છું. આ અલ્લાહની આજ્ઞા છે કે ધનવાનો ગરીબો અને દરિદ્રોને તેમનો હક્ક આપે એટલે કે ઝકાત આપે. જેથી તેમની ગરીબાઈ અને દરિદ્રતા પણ કાંઈક અંશે દૂર થાય. જો તું ખરેખર ખુદા ઉપર ઈમાન રાખતો હોય અને મને ખુદાનો પયગમ્બર માનતો હોય તો પછી ખુદાની આજ્ઞાને નત્‌મસ્તકે સ્વીકારી લે. જો નમાઝ પઢે છે તો ઝકાત પણ આપ. કેમકે નમાઝ તો ઝકાત આપ્યા વગર લાભદાયી નથી. તૌરૈતનું પઢવું તેને સમજવા અને તે પ્રમાણે અમલ કરવા માટે છે.

પરંતુ કારૂને હઝરત મુસા અ.સ. અને મોમેનીનની શિખામણની કોઈ દરકાર કરી નહીં અને મોમિનોને પહેલાં કરતાં પણ વધારે રંજાડવા લાગ્યો અને હઝરત મૂસા અ.સ. સાથે પણ વેર રાખવા લાગ્યો. એટલે સુધી કે તે હઝરત મૂસા અ.સ. ઉપર પોતે આરોપો મુકવાથી પણ પાછો પડતો નહોતો.







E-mail : hadimasik@yahoo.com



હઝરત મુસા અ.સ. કારૂનની ધૃષ્ટતા અને નિર્દયતાથી ખુબ નારાજ થયાં અને ખુદાવન્દે આલમની બારગાહમાં દુઆ કરી કે આ લાલચુ વ્યક્તિને તેના કાર્યોની સજા આપ. હઝરત મૂસા અ.સ.ની આ દુઆ કબૂલ થઈ. અલ્લાહના કહરથી એક ભયંકર ભૂકંપ આવ્યો અને એક ક્ષણમાં કારૂન તેના મહેલ-સંપત્તિ ખજાના સહિત ધરતીમાં સમાઈ ગયો. અને આ રીતે આ અત્યાચારીના જુલ્મનો અંત આવી ગયો. કારૂન ખાલી હાથેજ પેતાના અંતિમ અંજામ તરફ  ચાલ્યો ગયો. જેથી કરીને તે પોતાના ખરાબ કાર્યોની સજા ભોગવે અને તેને અલ્લાહ તરફથી અઝાબ આપવામાં આવે અને આખેરતનો અઝાબ તો સખ્ત અને કાયમી હોય છે.

આ જોઈને એ લોકો કે જેઓ કારૂનને ભાગ્યશાળી સમજતા હતાં અને તેના જેટલી ધન-દોલત મેળવવાની લાલચ રાખતાં હતાં તેઓને પોતાની ભૂલ સમજાઈ ગઈ અને તૌબા કરી. અને કહ્યું કે, આ કારૂનનો અંત કેવી ખરાબ રીતે આવ્યો છે. તેણે પોતાના ધનને પોતાના હાથે ગરીબોને આપ્યું નહીં. પરંતુ છેવટે તો તે પોતે પણ ખાલી હાથે જ અને ગુનેગાર (પાપી)ની જેમ આખેરત તરફ ગયો જેથી કરીને તે પોતાના ભૂડાં કાર્યો - અત્યાચારોની મજા ચાખે. હવે અમને સમજાયું કે ફક્ત ધન-દોલત કોઈને ભાગ્યશાળી નથી બનાવતાં પરંતુ ખરેખર ભાગ્યશાળી તો એ વ્યક્તિ છે કે જે ખુદા ઉપર ઈમાન રાખતો હોય અને અલ્લાહની આજ્ઞાઓનું પાલન કરતો હોય.





# મૌલાએ મુત્તકીયાન
# હઝરત ઈમામ અલી અ.સ.નું જીવન વૃત્તાંત
# સંક્ષિપ્તમાં

**મુબારક નામ :** **અલી અ.સ.**

**કુનીયત :** અબુલહસન - અબુતુરાબ

**લકબો :** હૈદર-કર્રાર-(હૈદરે કર્રાર) - નફસુલ્લાહ - સાકીયે કૌસર - અસદુલ્લાહ- નફસે પયગમ્બર

**આદરણીય પિતાનું નામ :** જનાબ અબૂતુરાબ અ.સ.

**આદરણીય માતાનું નામ :** જનાબ ફાતેમા બિન્તે અસદ

**વિલાદત :** ૧૩-રજ્જબુલ મુરજ્જબ - સને ૩૦ આમુલ ફીલ

**જન્મ સ્થળ :** મક્કએ મુઅઝ્ઝમા (ખાનએ કાઅબા)

**શહાદત :** ૨૧-રમઝાનુલ મુબારક સને ૪૦ હિજરી

**શહાદતનું કારણ :** ઈબ્ને મુલ્જિમે લઈનનો વાર

**ઈમામતનો સમયગાળો (મુદ્દત) :** લગભગ ૩૦ વરસ

**ઉમરે શરીફ :** ૬૩ વરસ



E-mail : hadimasik@yahoo.com

**રૌઝએ અકદસ :** નજફે અશરફ (ઈરાક)

**આપના પ્રખ્યાત સાથીઓ :** (અસહાબ) માલિકે ઉશ્તર - સલમાન ફારસી - ઉવૈસ કરની -હજર બિન અલી - કુમૈલ બિન ઝિયાદ - અસબગ બિન નબાતાહ - કંબર વિગેરે

**આપની શાનમાં નાઝિલ થએલ પ્રખ્યાત આયતો :** આયએ વિલાયત - આયએ નજવા - આયએ બલ્લિગ - આયએ મુબાહિલા-આયએ તઆમ- આયએ તત્હીર અને બીજી અસંખ્ય આયતો.

**આપની શાનમાં નબીની હદીસો :** હદીસે મદીના - હદીસે સફીના - હદીસે નૂર - હદીસે તૈર - હદીસે સકલૈન- હદીસે ગદીર - અને બીજી અસંખ્ય હદીસો.

**પ્રથમ લગ્ન :** હઝરત સિદ્દીકએ તાહેરા સાથે આપના લગ્ન સને ૨ હિજરીમાં થયાં હતાં.

**આપની પત્નીઓ :** આપે પોતાના પવિત્ર જીવનકાળમાં કુલ દસ સન્નારીઓ સાથે લગ્ન કર્યા હતા. પરંતુ પ્રથમ લગ્ન ખાતૂને જન્નત શાહઝાદીયે કૌનેન સલા. સાથે થયા હતા. શાહઝાદીયે કૌનેનના જીવનકાળમાં આપે કોઈ અન્ય સન્નારી સાથે લગ્ન કર્યા નહોતા. શહાદતના સમયે આપની ચાર પત્નીઓ હયાત હતી. જનાબ ઉમામાહ -જનાબ લયલા - જનાબ અસ્માઅ અને જનાબ ઉમ્મુલ બનીન.

**અવલાદ :** શૈખ મુફીદના મત પ્રમાણે આપની ૨૭ અવલાદ હતી. પરંતુ હઝરત ફાતેમા ઝહરા સલા. થી હઝરત ઈમામ હસન અ.સ., હઝરત ઈમામ હુસૈન અ.સ., જનાબ ઝૈનબ સલા., જનાબ ઉમ્મે કુલસુમ અને જનાબ મોહસિન અ.સ.

**મોઅજેઝાઓ અને કરામતો :**

(૧) જાહેરી રીતે આ પૃથ્વી ઉપર જન્મ લીધો (ખલ્કતે ઝાહેરી) તે પહેલા નબીઓ (અ.સ.)ની મદદ કરવી.

(૨) સલમાન ફારસીને અરઝનના જંગલમાં સિંહથી છોડાવવા.

(૩) એક જ રાત્રીએ એક જ સમયે ચાલીસ જુદા જુદા સ્થળોએ દાઅવતમાં શરીક થવું.

(૪) અસહાબે કહ્ફની ગુફા (ગારે અસહાબે કહ્ફ)માં આપના પદ્‌ચિહ્નોનું મૌજુદ હોવું.

(૫) ખૈબરના દરવાજાને ફક્ત બે આંગળીઓ વડે ઉખેડીને ફેંકી દેવું અને એવાં તો અસંખ્ય મોઅજેઝાઓ છે.

**આપના બોધવચનો :**

(૧) અફઝલુઝ ઝોહદે ઈખ્ફા ઉઝ્ઝોહદ - સૌથી શ્રેષ્ઠ પરહેઝગારી (ઝોહદ) પરહેઝગારીને ગુપ્ત રાખવી અને તેને જાહેર ન કરવી તે છે.

(૨) મનઅબતાઓ બેહી અમલહૂ લમયસરઓ બેહી નસબહૂ - જે વ્યક્તિને તેના કાર્યો (તેનું ચારિત્ર) પાછળ ધકેલી દે તેને તેનો વંશ અને કુટુંબ(ની મહાનતા) આગળ વધારી શકતી નથી.

(૩) ફાએલુલ ખૈરે ખૈરૂન મિન્હો-વ-ફાએલુશ્શર્રે શર્રુન મિન્હો. ખૈર (સારા કાર્યો) કરનાર ખૈરથી બહેતર છે. અને શર (ખરાબ કાર્યો) કરનાર શર (ખરાબ કાર્યો) થી બદતર હોય છે.

(૪) અશ-શદ્દુઝ ઝુનૂબે મસ્તખફા બેહી સાહે બેહી. સૌથી મોટો (ભારે) ગુનાહ એ છે જેને મનુષ્ય તુચ્છ (હળવો) સમજે.







E-mail : hadimasik@yahoo.com

# હઝરત બાકિર અ.સ.નો સંક્ષિપ્ત પરિચય



**મુબારક નામ : મુહમ્મદ**

**લકબ :** બાકિર

**કુનીયત :** અબૂજાઅફર

**આદરણીય પિતાનું નામ :** અલી-ઈબ્નુલ-હુસૈન અ.સ.

**આદરણીય માતાનું નામ :** ઈમામ હસને મુજતબા અ.સ.ના સુપુત્રી ફાતેમા

**વિલાદતની તારીખ :** પહેલી રજબ સન ૫૭ હિજરી

**જન્મ સ્થળ :** મદીના મુનવ્વરા

**શહાદતની તારીખ :** ૭ ઝિલહજ - સન ૧૧૪ હિજરી

**દફન સ્થળ :** જન્નતુલ બકીઅ, મદીના મુનવ્વરા

**ઈમામતનો સમયગાળો (મુદત) :** ૧૯ વરસ

**મુબારક વય (ઉંમર) :** ૫૭ વરસ

**આપની અવલાદ :** ૪ સુપુત્રો અને ૨ સુપુત્રી

**વીંટીના નગીનાનો નકશ :** અલ ઈઝઝતો લિલ્લાહે જમીઆ



# આર્ટ ગૅલેરી

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

## સૂરએ અલ-ઈખ્લાસ

વહાલા બાળકો, અહીં આપેલ ચિત્રમાં કુરઆનનો સૂરો (સૂરઃઅલ-ઈખ્લાસ)ને ચિત્ર દ્વારા દર્શાવવામાં આવેલ છે, હવે તમે તેની અંદર સુંદર મજાના મનગમતા રંગ પૂરો, જેથી આખુ ચિત્ર ખૂબ જ સુંદર લાગશે.




قُلْ هُوَ اللّٰهُ أَحَدٌ ١

કહો, તે અલ્લાહ છે અદિત્ય.





E-mail : hadimasik@yahoo.com



## ٱللَّهُ ٱلصَّمَدُ ﴿٢﴾

અલ્લાહ સૌથી બેનિયાજ છે,
અને સૌ તેના મોહતાજ છે.



## لَمْ يَلِدْ وَلَمْ يُولَدْ ﴿٣﴾

ન તેની કોઈ સંતાન છે !
અને ન તે કોઈનું સંતાન.

## وَلَمْ يَكُن لَّهُۥ كُفُوًا أَحَدٌۢ ﴿٤﴾

અને કોઈ તેનો સમકક્ષ નથી .



# નારંગીનું શરબત



**સામગ્રી : નારંગીનો રસ ૪૦૦ મિલી લી., લીંબૂનો રસ દોઢ કપ, ખાંડ, નારંગી રંગના થોડાક ટીપા, મોસંબીના એસેંસના કેટલાક ટીપા, કે.એમ.એસ. એક ચપટી.**

**વિધિ :** મોસંબીને ગાળી લો. ખાંડમાં થોડુ પાણી નાખીને ૨ તારની ચાસણી બનાવો. તેમાં લીંબૂનો રસ ભેળવી ગાળી લો. ચાસણીમાં ધીરે ધીરે નારંગીનો રસ ભેળવો, એક મિનિટ ઉકાળ્યા પછી ઉતારી લો. આમાં થોડું શરબત કાઢી લો અને તેમાં કે.એમ.એસ. સારી રીતે ભેળવી બધામાં મિકસ કરો. એસેંસ અને નારંગી રંગ પણ ભેળવો અને બોતલમાં ભરો. સ્વાદિષ્ટ શરબત તૈયાર છે.



# સંતરાનું શરબત

**સામગ્રી : ૫૦૦ ગ્રામ સંતરાનો રસ, સાઈટ્રિક એસિડ ૧ ચમચી, પોટેશિયમ મેટાબાઈ સલ્ફેટ, સંતરાનું એસેંસ ૧ ચમચી, ખાંડ ૧ કિલો, પાણી ૧ લીટર.**

**વિધિ :** ખાંડમાં પાણી ભેળવીને એક તારની ચાસણી બનાવી લો. જ્યારે ચાસણી બની જાય ત્યારે ગેસ પરથી ઉતારી ઠંડુ કરો. ચાસણી એકદમ ઠંડી થયા પછી તેમાં સંતરાનો રસ, સાઈટ્રિક એસિડ, સંતરાનુ એસેંસ, પોટેશિયમ મેટાબાઈ સલ્ફેટ અને સંતરાનો રસ ભેળવો. આને બોટલમાં ભરી લો અને મહેમાનોના આવવા પર પાણી અને બરફ નાખીને સર્વ કરો. આ શરબત ઘણા દિવસ સુધી ખરાબ થતું નથી.





E-mail : hadimasik@yahoo.com



# કાચી કેરીનું શરબત

**સામગ્રી : ૧/૨ કિલો કાચી કેરી, ૧૦ થી ૧૨ કપ પાણી, વાટેલો ગોળ બે કપ, ૬ નંગ મરી, ૧/૨ ચમચી મીઠુ.**

**વિધિ :** કેરીને ધોઈને દસ મિનિટ માટે કૂકરમાં મૂકી દો. પછી કેરીને ઠંડી પડવા દો. ઠંડી થયા પછી તેને હાથ વડે મસળી નાખો અને છોતરા અલગ કરો, ગોટલીમાંથી પણ મસળીને ગુંદો કાઢી લો, હવે આમાં પાણી, ગોળ, કાળા મરીનો ભૂકો અને મીઠુ ઉમેરો.

જો તમને ફુદીનાનો સ્વાદ પસંદ હોય તો થોડી ફુદીનાની પેસ્ટ પણ ભેળવી શકો છો. સારી રીતે હલાવીને ઠંડુ થવા મૂકી દો. સર્વ કરતી વખતે આઈસ ક્યૂબ નાખવાને બદલે બરફનો ભૂકો નાખો.





# ગુલાબનું શરબત

**સામગ્રી : (૧) પાણી : ૩ કપ (૨) ગુલાબનો રંગ અને એસેન્સ (૩) ખાંડ : ૨ કપ**



**રીત :** એક વાસણમાં ખાંડ અને પાણી ભેગાં કરી તેની ચાસણી બનાવવા ગેસ ઉપર મૂકવાં. એક તારની ચાસણી થયા બાદ એકદમ ઠંડુ થવા દેવું, ઠંડી ચાસણીમાં ગુલાબનો રંગ અને એસેન્સનાં થોડા ટીપાં નાખવા. બરાબર હલાવીને એક બાટલીમાં ભરી લેવું.

# બાળકોની ડાયરી



**વહાલા બાળકો, આ પાનું તમારૂં રહેશે. તમે કોઈ ધાર્મિક વાર્તા, કાવ્ય પંક્તિ, ચિત્ર કે ટુચકો વિગેરે મોકલશો. જેથી તમારૂં પોતાનું આ પાનું ભર્યું ભર્યું રહે !**

**સાથે આપનું નામ, સરનામું, ઉંમર લખવાનું ભૂલતા નહીં !**




લાખાણી અલીરઝા રાજુલા સીટી.



માવાણી મહમદરજા સજ્જાદઅલી રાજુલા સીટી.



ભોજાણી માહેરા ગુલામ અબ્બાસ જુહાપુરા, અમદાવાદ.



જામાણી મિસમરઝા મોહમ્મદ હૈદર સુરત.



રાજાણી કોમેલ મહુવા.




લાખાણી સકલૈન રઝા ભાવનગર.



મિઠવાણી સજ્જાદરઝા રાજુલા.



નકવી અલીનવાઝ ભાવનગર.

# પત્રાવલી

વહાલા બાળકો, આ પાનું તમારૂં રહેશે. તમે કોઈ ધાર્મિક વાર્તા, કાવ્ય પંક્તિ, ચિત્ર કે ટુચકો વિગેરે મોકલશો. જેથી તમારૂં પોતાનું આ પાનું ભર્યું ભર્યું રહે !

## સાથે આપનું નામ, સરનામું, ઉંમર લખવાનું ભૂલતા નહીં !



અલીરઝા માસુમઅલી, રાજુલા.



જમાણી કોમેલ અબ્બાસ એ., રાજુલા.



મહમદ અબ્બાસ એસ., રાજુલા.



અસ્મા ફાતેમા એ., મોરબી.



કમાણી મુર્તુઝા એ., રાજુલા.



હિરાણી રજાઅલી દિલાવર હુસૈન, રાજુલા.



રવજાણી અકીલ અબ્બાસ ઝેડ., રાજુલા.



રવજાણી નઈમ મહેદી એચ., રાજુલા.





# રજ્જબુલ મુરજજબ માસના રોજાઓ

ઈમામ મૂસીયે કાઝિમ અ.સ. એ ફરમાવ્યું છે કે "રજબ" જન્નતની એક નહેરનું નામ છે. જે(જેનું પાણી) દૂધથી વધારે સફેદ અને મધથી વધારે મધૂર છે. જે વ્યક્તિ રજબના માસમાં એક રોજો પણ રાખશે તેને ખુદા આ નહેરનું શરબત પીવડાવશે.

આપનું જ ફરમાન છે કે રજબનો માસ મહાન માસ છે. જેમાં નેક કાર્યોનો સવાબ અનેકગણો કરીને આપવામાં આવે છે અને ગુન્હાઓને માફ કરવામાં આવે છે અને આ માસમાં કોઈ એક રોજો પણ રાખશે, ખુદાવન્દે આલમ જહન્નમની અગ્નિને તેનાથી સો વરસ દૂર પાછળ ધકેલી દેશે અને જો કોઈ આ માસમાં ત્રણ રોજા રાખશે, જન્નત તેના ઉપર વાજિબ કરી દેશે.



ઈમામ સાદિક અ.સ. ફરમાવે છે કે જે વ્યક્તિ આ માસના સાત રોજા રાખશે તેના માટે જહન્નમના સાત દરવાજા બંધ કરી દેવામાં આવશે અને જે વ્યક્તિ આઠ રોજા રાખશે તેના માટે જન્નતના આઠ દરવાજા ખોલી દેવામાં આવશે અને જે વ્યક્તિ આ માસમાં નવ રોજા રાખશે તેની જે કાંઈપણ હાજત હશે તે કબૂલ કરવામાં આવશે અને જો કોઈ વ્યક્તિ તેના કરતાં પણ વધારે રોજા રાખશે તો ખુદાવન્દે આલમ તેને સૌ કરતાં વધારે સવાબ ઈનાયત ફરમાવશે.

## WWW.HADIKIDS.ORG

હવે આપ વાચી શકો છો હાદી માસિકના બધા જ અંકો ઓનલાઈન

પ્રસ્તુત છે હાદી માસિકની નવી વેબસાઈટ

**WWW.HADIKIDS.ORG**

આ ઉપરાંત તમને મળશે

**ઓનલાઈન ગેમ્સ**

(સુડોકુ, સ્મેશીંગ, ટ્રક એડવેન્ચર, હીટ લોજીક)

**ઇસ્લામિક વિડીયો**

(ફિરઓનનો અંજામ, કુર્આનની ભવિષ્યવાણીઓ, બિસ્મીલ્લાહનું મહત્વ અને અન્ય...)

અને બીજુ ઘણું બધું......

**વેબસાઈટ પર આપના મર્હુમના ઇસાલે સવાબ માટે અંક પ્રકાશિત કરાવવા માટે વેબસાઈટની મુલાકાત લો.**

---

### "હાદી" માસિકના મેમ્બર બનવા માટે સંપર્ક કરો :

| | | |
|---|---|---|
| અમદાવાદ | : | (૧) શબ્બીરભાઈ નુરાની ફોન : ૯૩૭૬૧ ૬૮૩૦૬ |
| | | (૨) મૌલાના ઝફરુલ હસન ફોન : ૯૩૨૭૫ ૩૬૬૩૮ |
| | | (૩) ઝાકીરભાઈ મોમીન ફોન : ૯૩૨૭૦ ૪૧૩૧૪ |
| ભાવનગર | : | મુસ્તાકભાઈ વિરાણી ફોન : ૯૮૨૪૫ ૩૮૧૧૪ |
| મહુવા | : | (૧) અબ્બાસભાઈ મિઠાણી એગ્ઝ માર્ટ ફોન : ૯૮૨૪૪ ૬૯૬૪૨ |
| | | (૨) ભંભેરા મોહમ્મદ હુસૈન જાફરઅલી ફોન : ૯૪૨૮૧૨૩૨૩૩ |
| કાણોદર | : | નૌશાદભાઈ,જાફરી ચેનલ ફોન : ૯૯૯૮૭ ૭૩૬૧૧ |
| ભરૂચ | : | જાવેદભાઈ ડોસાણી |
| સેલવાસા | : | ગુલામ અબ્બાસભાઈ દેવજાણી ફોનઃ ૯૮૨૫૯ ૯૯૯૭૮ |
| ધોળકા | : | કમરઅલીભાઈ મોમીન |
| ડેડીયાપાડા | : | રિઝવાનહુસૈન અમીરઅલી રાજાણી ફોન : ૯૪૨૭૧ ૭૫૨૩૧ |
| તળાજા | : | મોહસીન અલી જી.ભૂરાણી ફોન : ૯૯૧૩૬૦૭૧૧૦ |
| રાજૂલા | : | મૌલાના હસન મહદી ફોન : ૯૯૦૪૧૪૬૧૧૦ |
| સિહોર | : | હસનઅલી વજીરઅલી વસાયા ફોન : ૯૮૭૯૯૬૯૮૬૮ |
| મુંબઈ | : | અલઈમાન બુક સેન્ટર (પાલાગલી) ફોન : ૯૮૧૯૦૧૦૨૨૮ |

**ટુરીંગ એજન્ટ : શબ્બીરઅલી હસનઅલી પ્રમાણી ફોન : ૯૪૨૬૪ ૬૧૪૯૨**

**નોંધ : સભ્ય તથા એજન્ટ મિત્રોને નમ્ર અરજ છે કે નવા વર્ષનું લવાજમ મોકલી આપવા વિનંતી.**



# HADI MASIK

: Publishers :

**Hauza-e-Ilmiyah Imam Khomaini (R.A.)**

Goldenpark, Vatva, Ahmedabad. (Guj.) INDIA - 382440.
Ph. : 079 - 25892786, +91-94266 78614, +91-94266 78612

**E-mail : hadimasik@yahoo.com**

**Website : www.hadikids.org**



*Printed by : PRINTWELL PRINTERS, Ahmedabad. (M) 9898001474*